
જન્મશતાબ્દી પુસ્તકમાળા

# શિક્ષણ વ્યવસ્થા કેવી હોય ?



ગાયત્રી મંત્ર અમારી સાથે સાથે :

ૐ, ભૂર્ભુવઃ સ્વઃ તત્સવિતુર્વરેણ્યં ભર્ગો- ।
દેવસ્ય ધીમહિ ધિયો યો નઃ પ્રચોદયાત્ ॥

અખિલ વિશ્વ ગાયત્રી પરિવાર

http://awgp.org

# શિક્ષણ વ્યવસ્થા કેવી હોય ?

ગાયત્રી મંત્ર અમારી સાથે સાથે :

ૐ, ભૂર્ભુવઃ સ્વઃ તત્સવિતુર્વરેણ્યં ભર્ગોદેવસ્ય ધીમહિ ધિયો યો નઃ પ્રચોદયાત્ ॥

દેવીઓ તથા ભાઈઓ !

શિક્ષણને બીજી આંખ કહેવામાં આવ્યું છે. એક આંખો ચામડાની હોય છે, જેનાથી આપણે સામે રહેલી વસ્તુઓ દેખાય છે, પરંતુ શિક્ષણ એવી આંખ છે, જેના દ્વારા આપણી સામે ન હોય એવી વસ્તુઓને પણ આપણે જોઈ શકીએ છીએ. પુસ્તકોના આધારે મેળવેલી જાણકારીથી આપણે ભૂતકાળની બાબતોને જાણી અને સમજી શકીએ છીએ. ભવિષ્યની સંભાવનાઓ, વર્તમાનની સમસ્યાઓ, દુનિયામાં ક્યાં શું બની રહ્યું છે, દુનિયાનું સ્વરૂપ કેવું છે એ બધી બાબતોને જાણવા માટે શિક્ષણની અત્યંત જરૂર છે. જો માણસે શિક્ષણ ના મેળવ્યું હોય તો એમ કહી શકાય કે એને ફકત એક જ આંખ છે. તે ફક્ત સામેની અને આસપાસની વસ્તુઓને જ જોઈ શકે છે. તે ભૂતકાળને કે ઇતિહાસને સમજી શકતો નથી. વિશ્વની સમસ્યાઓ પણ તેને સમજાતી નથી. ભણ્યા કે જાણ્યા વગર તેને આ બધી માહિતીની ક્યાંથી ખબર પડે ? માણસ સંકુચિત જ રહેશે. કૂવામાંના દેડકાની જેમ આસપાસની ચીજોને જ આખી દુનિયા માનશે. બૌદ્ધિક વિકાસ માટે, માણસમાં સભ્યતાની સ્થાપના કરવા માટે, સારી રીતે રોજીરોટી કમાવા માટે આ ઉપરાંત બીજી અનેક દૃષ્ટિએ શિક્ષણની તાતી જરૂર છે.

શિક્ષણનો વધારેમાં વધારે ફેલાવો કરવો જોઈએ. જે માણસમાં શિક્ષણ નથી અર્થાત્ જે ભણેલો ગણેલો નથી તે વાંચી શકતો નથી કે લખી પણ શકતો નથી. તે અજ્ઞાની રહે છે. મનુષ્ય માટે જ્ઞાનના દરવાજા ખોલવા માટે શિક્ષણની નિતાંત આવશ્યકતા છે. દુર્ભાગ્યની વાત એ છે કે આપણા દેશના ઘણાં લોકો આજે પણ નિરક્ષર છે. દુનિયાના બીજા દેશો શિક્ષણની બાબતમાં ખૂબ આગળ છે. આપણા દેશના લોકોમાં શિક્ષણની ચેતના જગાડવાની જરૂર છે.

શારીરિક જ્ઞાન, માનસિક, કૌટુંબિક, રાષ્ટ્રીય, નૈતિક તથા ધાર્મિક જ્ઞાન મગજનું ખાલીપણું દૂર કરે છે. એ માટે માણસે ભણવાની જરૂર છે. કોઈ પણ માણસ પુસ્તકો કે સામયિકો વાંચ્યા વગર જીવન સંબંધી સમગ્ર જ્ઞાન અને સામયિક સમસ્યાઓ વિશેનું જ્ઞાન કેવી રીતે મેળવી શકે ? પુસ્તકો વાંચવા માટે માણસમાં શિક્ષણ હોવું અનિવાર્ય છે.

## શિક્ષણની જરૂર

જે રીતે પેટની ભૂખ ભાંગવા માટે ભોજન જરૂરી છે એ જ રીતે મનની ભૂખને શાંત કરવા માટે શિક્ષણની જરૂરિયાત રહે છે. શિક્ષણ દરેક મનુષ્ય માટે જરૂરી છે. આ જરૂરિયાત પૂરી કરવા માટે સરકારથી માંડીને લોકસેવકો સુધીના તમામે પૂરેપૂરો પ્રયત્ન કરવો જોઈએ. મનુષ્યની આ પ્રારંભિક જરૂરિયાતને પૂરી કરવામાં કોઈ કસર રાખવી ન જોઈએ. નિરક્ષરતા દૂર કરવા માટે સરકાર જે પ્રયત્નો કરે છે તે પૂરતા નથી. ભારત સરકાર અને રાજય સરકારો જે ગતિથી કામ કરી રહી છે તે ગતિએ તો આપણો દેશ સો વર્ષે પણ શિક્ષિત નહિ બની શકે કારણ કે જેટલા પ્રમાણમાં શાળાઓ વધે છે અને શિક્ષણ યોજનામાં સુધારો થાય છે તેના કરતાં વધારે ઝડપથી વસ્તી વધતી જાય છે. આથી શિક્ષણ માટે કરેલા પ્રયત્નો ઓછા પડે છે.

આથી સરકાર પર આધાર રાખવાના બદલે લોકસેવકોના માધ્યમથી પ્રયાસ કરવાની જરૂર છે. ખાસ કરીને મોટા લોકોના શિક્ષણની સમસ્યા છે. મોટા લોકોને મરેલા ના માની શકાય ને ? દેશની વસ્તીનો અડધો ભાગ સ્ત્રીઓનો છે. સ્ત્રીઓનાં માત્ર દસ ટકા ભણેલી છે. નેવું ટકા સ્ત્રીઓનું શિક્ષણ નહિવત્ છે. આટલો મોટો વર્ગ અભણ રહે તે મોટા દુર્ભાગ્યની બાબત છે. ખેડૂત તથા મજૂર વર્ગના કરોડો લોકોના શિક્ષણનો પણ સવાલ છે. બાળકોની વાત જવા દો. તેમના માટે તો સરકાર પ્રયત્નો કરે છે. હવે વાલીઓનું ધ્યાન પણ તે તરફ ગયું છે કે બાળકોને સારું શિક્ષણ આપવું જોઈએ.

અત્યારે જે બાળકોની ઉંમર પાંચદશ વર્ષની છે તેઓ તો દસ પંદર વર્ષોમાં સમર્થ અને સુશિક્ષિત નાગરિક બની શકશે કે જેઓ પોતાના જીવનની અને દેશની સમસ્યાઓમાં રસ લઈ શકે. આપણો નિરક્ષર દેશ સાક્ષર બને તે માટે આપણે વહેલી તકે પ્રયત્ન કરવો પડશે.

### પ્રૌઢ પાઠશાળાઓ કેવી રીતે ચલાવશો ?

આ માટે પ્રૌઢ પાઠશાળાઓની જરૂર છે. એની સાથે સાથે રાત્રિશાળાઓ પણ ચલાવવી પડશે. આ કાર્ય લોકસેવકો અને સાર્વજનિક સંસ્થાઓએ કરવું જોઈએ. ગામડાંઓમાં ખેડૂતોનો પ્રશ્ન છે અને શહેરોમાં મજૂરોનો. મજૂરોને પણ શિક્ષણ મેળવવાની સગવડ નથી. એમનાં બાળકો નાની ઉંમરથી જ કામ કરવા માંડે છે. જ્યારે તેઓ થોડોક શ્રમ કરે છે તો ઘરવાળાઓને લાલચ થાય છે કે એમને ભણાવવાની શી જરૂર છે ? પહેલાં ભણાવવાનો રિવાજ નહોતો કારણ કે તેઓ માનતા હતા કે નોકરી તો કરાવવાની નથી, તો પછી ભણાવવાની શી જરૂર છે ? ભણતર તો નોકરી માટે હોય છે. નોકરી સાથે ભણતરનો શો સંબંધ ? મનુષ્યના વિકાસ માટે શિક્ષણ જરૂરી છે. આથી અભણ લોકો માટે રાત્રીશાળા ચલાવવી જોઈએ. કામકાજ કરનારા લોકોને રાત્રે સમય મળે છે. લોકો આખો દિવસ કામ કરે છે. રોજીરોટી મેળવવાનું કામ લોકો મોટા ભાગે દિવસે જ કરે છે. રાત્રે જમ્યા પછી તેઓ આરામ કરતા હોય છે. તે સમયે તેઓ ગપ્પાં મારે છે. ટી.વી. જુએ છે કે બીજું કંઈક મનોરંજન કરે છે. એ સમય પ્રૌઢોના શિક્ષણ માટે ઉત્તમ છે. તેનાથી તેમની સમસ્યાઓનું સમાધાન થઈ શકશે. આથી સાંજે આઠથી દસ વાગ્યા દરમ્યાન રાત્રિશાળાઓ ચલાવી શકાય. શિયાળા અને ઉનાળાના સમયમાં થોડોક ફેરફાર કરી શકાય.

શિક્ષિત લોકોએ આ કાર્ય માટે પોતાનો થોડોક સમય શ્રમદાનનાં રૂપમાં આપવો જોઈએ. જો તેઓ ઉત્સાહી હોય અને હળીમળીને આવી પાઠશાળા ચલાવે તો દરેક મહોલ્લા, ગલી તથા ગામમાં રાત્રિ પાઠશાળા ચાલી શકે.

જેને ભણવામાં સંકોચ કે ખચકાટ થતો હોય કે અમારી આટલી મોટી ઉંમર થઈ ગઈ, પછી અમે બાળકોની જેમ ભણવા કેવી રીતે જઈએ તેમને સમજાવવા જોઈએ.

### સ્ત્રીઓ માટે પ્રૌઢશાળા

મહિલાઓને સાંજે ખૂબ કામ હોય છે. એમને બપોર પછીના સમયમાં નવરાશ મળે છે. છોકરાં શાળાએ જાય અને પતિ કામધંધે જાય પછી તેઓ બપોરના ત્રણથી પાંચના ગાળામાં નવરી હોય છે. આથી એ સમય દરમ્યાન એમના શિક્ષણની વ્યવસ્થા કરવી જોઈએ. દરેક ફળિયે તથા ગામમાં એવી શાળાઓ શરૂ કરવી જોઈએ, જેમાં પ્રૌઢ મહિલાઓ ભણવા માટે આવે. તેઓ જીવન જરૂરી વાતો સાંભળી, સમજી અને જાણી શકે એટલું શિક્ષણ તેમને આપવું જોઈએ. જો પ્રૌઢ સ્ત્રીપુરુષો માટે આવા શિક્ષણની વ્યવસ્થા કરી શકાય તો તે આપણા માટે ખૂબ ઉપયોગી સાબિત થશે. થોડાક સમયમાં દેશ સાક્ષર થઈ જશે. લોકોમાં સેવા કરવાની વૃત્તિનો વિકાસ થશે. દરેક માણસને, દરેક શિક્ષકને એવો અનુભવ થશે કે મારે શિક્ષણનું ઋણ ચૂકવવું જોઈએ.

શિક્ષણની વ્યવસ્થા કરવી ખૂબ જરૂરી છે અને તે પૂરી કરવા માટે દરેક માણસે કોઈને કોઈ રૂપે ભાગ લેવો જોઈએ. જે લોકો બહારના બીજા લોકોને ન ભણાવી શકે તેમણે કમ સે કમ પોતાના ઘરના પ્રૌઢો, સ્ત્રીઓ તથા બાળકોને ભણાવવા માટે અવશ્ય સમય ફાળવવો જોઈએ. એમને આગળ વધારવા માટે આવી પાઠશાળાઓની ખાસ જરૂર છે. જો કોઈએ અમુક કક્ષાનું શિક્ષણ મેળવ્યું હોય તેઓ આગળ અભ્યાસ કરવા ઇચ્છતા હોય, તો તેમના માટે એવી ટયુટોરિયલ શાળાઓ હોવી જોઈએ, જયાં તેઓ નવરાશના સમયે ભણી શકે. જે સ્ત્રીઓ થોડુંક ભણી હોય અને જો આગળ ભણવા ઇચ્છતી હોય તો એમના માટે એવી વ્યવસ્થા હોવી જોઈએ કે પોતાની ફુરસદના સમયમાં તેઓ આગળ અભ્યાસ કરી શકે. આવી વ્યવસ્થા કરવી તે એક બહુ મોટી સામાજિક સમસ્યા છે. તે સમયને હલ કરવી જ જોઈએ.

### બાળકોને શું ભણાવવું જોઈએ ?

હવે બાળકોનો પ્રશ્ન આવે છે કે બાળકોને શું ભણાવવું જોઈએ ? એને દુર્ભાગ્ય જ કહેવું જોઈએ કે આપણા દેશમાં શિક્ષણનું સ્વરૂપ એવું વિચિત્ર થઈ ગયું છે અને લોકોની મનોવૃત્તિ પણ એવી થઈ ગઈ છે કે ભણ્યા પછી અમને નોકરી મળી જ જશે અને અમારે નોકરી કરવી જ જોઈએ. આજે શિક્ષણ એ નોકરીનો પર્યાયવાચક શબ્દ બની ગયો છે. શાળા કોલેજોમાં જઈને જો વિદ્યાર્થીઓને પૂછવામાં આવે કે ભવિષ્યમાં તમે શું કરશો ? તો એમાંથી નવ્વાણુ ટકા વિદ્યાર્થીઓનો જવાબ એક જ હશે કે અમે નોકરી કરીશું. આટલી બધી નોકરીઓ ક્યાંથી આવશે ? જ્યારે દેશના બધા જ લોકો ભણવા માંડશે અનેક દરેક નાગરિક નોકરી કરવાનું જ ઇચ્છશે તો બધાને નોકરી ક્યાંથી મળશે ? નોકરોની જરૂર અમુક જ જગ્યાએ પડે છે, તો પછી શું થશે ? ભણવું અને નોકરી એ બંને સાવ જુદી બાબત છે.

નોકરીનો અર્થ એવો અવશ્ય કરી શકાય કે શિક્ષણની સાથે લોકોને એટલું જ્ઞાન અને બુદ્ધિ મળે કે જો જરૂર પડે તો તે સ્વાવલંબી બની શકે. એમનો જે કોઈ પૈતૃક વ્યવસાય હોય તેમાં તે નિષ્ણાત બની શકે. જે ખેડૂતના પુત્રો છે તેમને ખેતીવાડીનું તથા પશુપાલનનું શિક્ષણ મળે તેવી વ્યવસ્થા કરવી જોઈએ. જો તેમને એવું શિક્ષણ મળે તો પછી ખેડૂતોના પુત્રોને નોકરી શોધવાની શી જરૂર ? શિક્ષણનો ઉદ્દેશ્ય વિદ્યાર્થીને સ્વાવલંબી બનાવવાનો છે. પ્રાથમિક શિક્ષણ લીધા પછી બાળકોની રુચિ પ્રમાણેના વ્યવસાયનો નિર્ણય ત્યાં જ થઈ જવો જોઈએ. નોકરી બધાને મળવાની નથી, તો પછી તેમણે આજીવિકા માટે શું કરવાનું છે ? ખેડૂતનાં બાળકોને ખેતીને લગતું શિક્ષણ, દુકાનદારનાં સંતાનોને દુકાનદારીનું શિક્ષણ, જેમનાં માતાપિતા જે ધંધો કરતાં હોય તેમને તે પ્રકારનું શિક્ષણ મળે તેવી વ્યવસ્થા કરવી જોઈએ.

### પ્રાથમિક પછી શિક્ષણ વ્યવસ્થા કેવી હોવી જોઈએ ?

પાંચમા ધોરણ પછી પાયાના શિક્ષણનો નિર્ણય થઈ જવો જોઈએ.

દુકાનદારનાં બાળકોને હિસાબકિતાબ અને વ્યાપારને લગતું જ્ઞાન આપવું જોઈએ. જેને સરકારી નોકરી કરવી હોય તેણે જોવું જોઈએ કે તેને નોકરીની જરૂર છે કે નહિ. એ માટે સરકારે કે બીજી કોઈ સંસ્થાએ જાહેરાત કરવી જોઈએ કે અમારે દર વર્ષે અમુક નોકરિયાતોની જરૂર પડશે. એ માગણી પ્રમાણે જ લોકોનો વિકાસ કરવો જોઈએ કે જેથી તેઓએ નોકરીને યોગ્ય બની શકે. જરૂરિયાત પ્રમાણે જ લોકોને તૈયાર કરવા જોઈએ. દર વર્ષે એન્જિનિયરો નિવૃત્ત થાય છે અને નવા ભરવા પડે છે. માની લો કે એક હજાર એન્જિનિયરોની જરૂર છે, તો એન્જિનિયરીંગ કૉલેજોમાં એક હજારથી બારસો જેટલા એન્જિનિયરો જ તૈયાર કરવા જોઈએ. એવું ના બનવું જોઈએ કે એક હજારના બદલે દસ હજાર એન્જિનિયરો પેદા થઈ જાય અને વધારાના નવ હજાર એન્જિનિયરોનો સમય અને ધન ખર્ચેલું વ્યર્થ થાય.

આમ નોકરીઓ માટે પહેલાં દેશની આવશ્યકતાને ધ્યાનમાં રાખીને, કારખાનાઓની આવશ્યકતાને ધ્યાનમાં રાખીને અનુમાન કરવું જોઈએ કે આટલાં લોકો માટે નોકરીની જગ્યાઓ ખાલી છે એટલાં લોકોને જ એ માટે તેયાર કરવા જોઈએ. પ્રાઇવેટ નોકરીઓની વાત જુદી છે. એમની જરૂરિયાતનો અંદાજ લગાવવો અઘરો છે, પરંતુ સરકારી નોકરીઓનો અંદાજ કાઢી શકાય છે. એ પ્રમાણેના કર્મચારીઓનો પહેલેથી જ તૈયાર કરવા જોઈએ. બિનજરૂરી ઉમેદવારોની ભરતી પહેલેથી જ બંધ કરી દેવી જોઈએ, જેથી બેકારીની, બેરોજગારીઓની કે બીજી કોઈ સમસ્યા ઊભી ના થાય.

## શિક્ષણની સાથે સ્વાવલંબન, કુટિર ઉદ્યોગ

શિક્ષણનો બીજો પણ એક ઉદ્દેશ્ય હોવો જોઈએ કે તે લોકોને સ્વાવલંબી બનાવવા માટે કુટીર ઉદ્યોગોનું પણ શિક્ષણ આપે. આપણો દેશ આ બાબતમાં અસ્તવ્યસ્ત છે. ગામડાંઓમાં મોટા ઉદ્યોગો ચાલી ના શકે. માત્ર શહેરોમાં જ મોટા વ્યવસાય ચાલી શકે. મોટા વ્યવસાય માટે મોટી મુડીની જરૂર પડે છે. મોટાં મોટાં મશીનો લગાવવા પડે છે. તેથી આપણા ગરીબ અને પછાત દેશમાં કુટીર ઉદ્યોગોનો વિકાસ કરવો જોઈએ.

## જાપાનનો આદર્શ

જાપાને કુટીરઉદ્યોગો દ્વારા જ ઉન્નતિ કરી છે. તેમણે ગામડે ગામડે અને ઘેરેઘેર લોકોના વધારાના સમય અને શ્રમનો સદુપયોગ કરવાની વ્યવસ્થા કરી છે. જાપાનમાં શાળાના છોકરાઓ ભણ્યા પછી પોતાના ઘરમાં લગાડેલાં મશીનો દ્વારા થોડીઘણી કમાણી કરી લે છે. સ્ત્રીઓ ઘરકામ પરવાર્યા પછી જ્યારે નવરી પડે ત્યારે ગૃહઉદ્યોગ દ્વારા થોડી ઘણી કમાણી કરી લે છે. આપણા દેશમાં પણ દરેક વ્યક્તિને પોતાના શ્રમ અને સમયનો સદુપયોગ થાય એવું કામ આપવાની સખત જરૂર છે. એના વગર આપણી અર્થવ્યવસ્થા સુધરી નહિ શકે.

એક માણસ કમાય અને ઘરનાં બધાં બેઠા બેઠાં ખાય એ કેવું શરમજનક છે ? તેઓ જો કામ કરવા શક્તિમાન હોય તો એમને કામ મળવું જ જોઈએ.

આટલાં માણસોની શ્રમ શક્તિ જો નકામી જાય તો રાષ્ટ્રીય ઉત્પાદન ઘટી જાય છે. દરેક માણસે કમાવું જોઈએ. આપણા સમાજે અને શિક્ષણ ખાતાએ કુટીર ઉદ્યોગોનું એવું શિક્ષણ આપવું જોઈએ કે દરેક ઘરમાં કોઈ ને કોઈ ઉદ્યોગ સ્થપાય અને એ કુટીર ઉદ્યોગો દ્વારા તૈયાર થયેલો માલ વેચવાનું અને તેને બજારમાં પહોંચાડવાનું તથા વેચવાનું કામ કો-ઓપરેટિવ સોસાયટીઓ દ્વારા થવું જોઈએ. એક માણસ વસ્તુ બનાવે અને તે જ વેચે તે યોગ્ય નથી.

કોઈ સાબુ બનાવે અને પછી તે માથે મૂકીને ઘેરેઘેર જઈને વેચે તો પા ભાગનો સમય સાબુ બનાવવામાં અને પોણા ભાગનો સમય તેને વેચવામાં જશે. તે કેટલું મોંઘું પડે ? વેચાણનું કામ ઉત્પાદકતા માથે ન હોવું જોઈએ.

વેચાણ કરનારી સંસ્થાઓ જુદી હોવી જોઈએ. એના લીધે બનાવનારને પણ નિશ્ચિંતતા રહે છે, વેચાણ પણ વધારે થાય છે અને જો માલ બહાર મોકલવો હોય તો તે પણ સારી રીતે મોકલી શકાય છે. આમ આપણા શિક્ષણનો ઉદ્દેશ્ય સ્વાવલંબન હોવો જોઈએ.

શિક્ષણનો ઉદ્દેશ્ય માનવજીવનની દરેક સમસ્યા વિશે માણસને જાણકારી આપવાનો છે, જેમ કે સ્વાસ્થ્યની સમસ્યા, એનેટોમીથી માંડીને ફિઝીઓલોજી સુધીની સમસ્યાઓ. આપણાં અંગો કઈ રીતે કામ કરે છે, આપણે શાથી બીમાર પડીએ છીએ, બીમાર લોકોને કઈ રીતે સાજા કરી શકાય, જો ઘરમાં કોઈ બીમારી પડી જાય તો તેની પ્રાથમિક સારવાર માટે શું કરવું જોઈએ ? આ શિક્ષણનું મહત્વનું અંગ હોવું જોઈએ, પરંતુ આપણે જાણીએ છીએ કે આવું શિક્ષણ ભાગ્યે જ આપવામાં આવે છે. જ્યારે માણસ મોટો થઈ જાય છે ત્યારે તેને કમાવું પડે છે, ઉદ્યોગ ધંધો કરવો પડે છે અને હિસાબકિતાબ પણ રાખવો પડે છે, પરંતુ શિક્ષણમાં આ જરૂરી બાબતોનો સમાવેશ થતો નથી.

દરેક માણસનું એક કુટુંબ હોય છે, કુટુંબની સમસ્યાઓ હોય છે, પત્નીની સમસ્યા હોય છે, ગર્ભવતીની સમસ્યા હોય છે તથા બાળકોના વિકાસની સમસ્યા હોય છે. કુટુંબના વડાએ આ બધી સમસ્યાઓ હલ કરવાનું જ્ઞાન હોવું જોઈએ, પરંતુ આપણી શિક્ષણ વ્યવસ્થામાં આ મહત્વની બાબતો અંગે કોઈ વ્યવસ્થા કરવામાં આવી નથી.

મનુષ્યની રાષ્ટ્રીય, સામાજિક, ધાર્મિક તથા આત્મિક સમસ્યાઓ, જીવનનો વિકાસ કરવાની સમસ્યા, વ્યક્તિત્વને યોગ્ય બનાવવાની સમસ્યા વગેરે અનેક પ્રકારની સમસ્યાઓ મનુષ્યના જીવનમાં હોય છે.

આજના પ્રગતિશીલ યુગમાં તો આ સમસ્યાઓ અનેકગણી વધી ગઈ છે. એ સમસ્યાઓનું શું સમાધાન છે અને દુનિયાના બીજા લોકોએ પોતપોતાના દેશની જરૂરિયાતો કઈ રીતે પૂરી કરી, મુશ્કેલીઓનું સમાધાન કઈ રીતે કર્યું એ બધાની જાણકારી આપવાનું કામ શિક્ષણનું છે, પરંતુ આપણે જાણીએ છીએ કે નકામી અને ભંગાર બાબતો બાળકોના મગજમાં ઠાંસવામાં આવે છે. તેમને તે ગોખી નાખવા માટે મજબૂર કરવામાં આવે છે. આનાથી શો ફાયદો થાય છે.

## નકામું ઐતિહાસિક શિક્ષણ

આજે ઇતિહાસનું શિક્ષણ આપવામાં આવે છે તે સાવ વ્યર્થ છે. ઇતિહાસમાં આપણને રાજાઓનો ઇતિહાસ ભણાવવામાં આવે છે. અકબર બાદશાહ થયો, બાબર થયો. હુમાયુ થયો, ઔરંગઝેબ થયો, લૉર્ડ કલાઈવ આવ્યો. શું મતલબ છે આ બધાનો ? આ ઘટનાઓ તો અડધા કલાકમાં સમજાવી શકાય છે. આ રીતે મુસલમાનો આવ્યા, તેના પછી બીજા આવ્યા, ત્રીજા આવ્યા, મારકાપ કરી, રાજ કર્યું, ભાગી ગયા અને મરી ગયા. આવું બધું ભણાવવાથી શો લાભ ?

જો ઇતિહાસ ભણાવવો હોય તો તે જમાનાની પરિસ્થિતિઓમાં કઈ રીતે પરિવર્તન થયું અને શાથી થયું ? વિદેશી શાસકોના આવવાનું કારણ કર્યું હતું અને શાસનવ્યવસ્થા તથા જનતાથી કઈ ભૂલો થઈ ? આ પ્રકારનું વિશ્લેષણાત્મક શિક્ષણ આપવું જોઈએ. જેથી લોકો પરિસ્થિતિઓમાં કયા કારણે પરિવર્તન થાય છે તે જાણી શકે. ઇતિહાસના આજના શિક્ષણનો મતલબ સમજાતો નથી. તે બાળકોના મગજ પર ખોટો બોજ લાદવા સમાન છે.

## જરૂરી વિષયો જ ભણાવવા જોઈએ.

ભૂમિતિની દરેક માણસને શી જરૂર પડે ? કદાચ ઓવરસિયર કે એન્જિનિયરને પડી શકે, પણ દરેક બાળકને ભૂમિતિ ભણાવવાનો શો અર્થ છે ? એવા ઘણા વિષયો છે, જે શીખવવામાં આવે તો જમીન ખોદવાથી માંડીને આકાશના તારા ગણવા સુધી વિદ્યાર્થી બધું ભણતો જ રહે તો સો જન્મમાં પણ તેનું શિક્ષણ પૂરું નહિ થાય. જે જરૂરી ના હોય એવા વિષયોનો બોજ બાળકો પર ના નાખવો જોઈએ. જીવનમાં કામ લાગે તેવા વિષયો બધા માટે ફરજિયાત કરવા જોઈએ અને જેઓ કોઈ ખાસ વિષયના વિશેષજ્ઞ બનવા માગતા હોય તેમના માટે એ શિક્ષણની જુદી વ્યવસ્થા કરવી જોઈએ.

કોઈ બાળકને ગ્રહ નક્ષત્રોની બાબતમાં રસ હોય કે કોઈ વિદેશી ભાષા શીખવાની ઇચ્છા હોય તો એના માટે જુદી વ્યવસ્થા કરવી જોઈએ.

બધાં બાળકો પર એ બોજો શા માટે નાખવો જોઈએ ? શિક્ષણ વ્યવસ્થામાં દરેક બાળકને વ્યાવહારિક જીવન જ નહિ, પરંતુ આંતરિક જીવન કે જે મનુષ્યનું સાચું જીવન છે તેને કઈ રીતે શ્રેષ્ઠ બનાવી શકાય એનું સંપૂર્ણ શિક્ષણ આપવું જોઈએ.

## શિક્ષણ તથા વિદ્યા

ભૌતિક જરૂરિયાતો પૂરી કરવામાં મદદ કરે તેને શિક્ષણ કહે છે. આમ માહિતીને શિક્ષણ કહે છે. મનુષ્યને પોતાનાં કર્તવ્યો, જવાબદારીઓ, સદ્દગુણો, પોતાનાં કર્મો અને સ્વભાવને શ્રેષ્ઠ બનાવવાનું શિખવાડે, તેમનો લાભ કે નુકસાન સમજાવે અને ખોટા માર્ગેથી પાછાં વાળી શ્રેષ્ઠ માર્ગે ચાલતાં શિખવાડે એ પ્રભાવશાળી જ્ઞાનનું નામ વિદ્યા છે. આ વિદ્યા શિક્ષણ કરતાંય વધારે જરૂરી છે.

શિક્ષણનું મહત્વ તો છે, પરંતુ એનાથી પણ આગળ મનુષ્યને સમર્થ, યોગ્ય અને શ્રેષ્ઠ બનાવવો હોય તો તેને શિક્ષણની સાથે સાથે વિદ્યાનું જ્ઞાન પણ આપવું જોઈએ. તમે એને નૈતિક શિક્ષણ કહી શકો, સાંસ્કૃતિક શિક્ષણ કહો, ધાર્મિક શિક્ષણ કહો કે આધ્યાત્મિક શિક્ષણ કહો. તેને ગમે તે નામ આપો, પરંતુ એ બાબતોનો સમાવેશ આપણી શિક્ષણ વ્યવસ્થામાં કરવો અત્યંત જરૂરી છે.

એનાથી ભણતી વખતે બાળકોના મગજ પર સતત એક છાપ પડે છે કે મારે એક શ્રેષ્ઠ નાગરિક બનાવાનું છે, કર્તવ્યપરાયણ નાગરિક બનવાનું છે, મારે સમાજનો એક જવાબદાર ઘટક બનવાનું છે.

ક્યારેક મારે સમાજનું નેતૃત્વ કરવું પડે, રાષ્ટ્રનું નેતૃત્વ કરવું પડે તો કઈ કઈ બૂરાઈઓથી મારે દૂર રહેવું જોઈએ અને સમાજને કઈ કઈ બૂરાઈઓથી બચાવવો જોઈએ એ બાબતની ઊંડી જાણકારી વિદ્યાર્થીઓને આપવી જોઈએ. તેનાથી વિદ્યાર્થીઓનાં કાર્યો અને જીવન એટલાં જ શ્રેષ્ઠ અને યોગ્ય બનતાં જશે. આપણે એવા શ્રેષ્ઠ અને સાચા શિક્ષણની વ્યવસ્થા કરવી જોઈએ.

## ગુરુકુળ પરંપરા ફરીથી જીવંત બને

પ્રાચીનકાળની ગુરુકુળ પરંપરાને ફરીથી જીવતી કરીને શિક્ષણની સાથે સાથે જો શક્ય હોય તો વિદ્યાર્થીઓને છાત્રાલયમાં જ રાખવા જોઈએ. પ્રાચીનકાળની ગુરુકુળ પ્રણાલી ખૂબ સારી અને યોગ્ય હતી. આજે આપણાં ઘરોનું વાતાવરણ સારું હોતું નથી. દરેક ઘરમાં સુસંસ્કારી વ્યવસ્થા હોતી નથી. ઘરમાં અનેક પ્રકૃતિના લોકો રહે છે. તેમની સાથે સુમેળ સાધીને રહેવું અઘરું છે.

હિંદુસ્તાન જેવા સંયુક્ત કુટુંબવાળા દેશમાં ધારો કે બાપ હૂકો પીએ છે, તો તેને કેવી રીતે ના પાડી શકાય ? કોઈ માને ગાળો દેવાની કે ઝઘડા કરવાની ટેવ હોય, તો તે માને ઘરમાંથી કઈ રીતે કાઢી મુકાય ? ઘરના વાતાવરણને બધા લોકો સુચારુ રાખી શકતા નથી. કોઈક જ એવું કરી શકે છે. જયાં સુધી બાળકોને સારા વાતાવરણમાં રાખવામાં નહિ આવે ત્યાં સુધી તેમનો નૈતિક, સાંસ્કૃતિક અને આત્મિક વિકાસ થઈ શકે નહિ. આથી પુરાતન પદ્ધતિ પ્રમાણે તેમને શિક્ષણ અને સંરક્ષણ પ્રદાન કરવું જોઈએ.

આ પ્રથા ગુરુકુળો દ્વારા શક્ય હતી કારણ કે તે ચલાવનારા મહર્ષિઓના આશ્રમમાં તેમની ધર્મપત્નીઓ ઉત્કૃષ્ટ વિચારધારાવાળી હતી. ત્યાંના શિક્ષકોથી માંડીને સહાયકો પણ એવા ઉચ્ચ સ્તરના હતા કે જેમના જીવનનો બાળકો ઉપર સ્વસ્થ પ્રભાવ પડે. આથી બાળકોના કુમાર્ગે જવાની કોઈ શક્યતા નહતી. કામચોર બનવાની અને આળસમાં પડી રહેવાની કોઈ શક્યતા નહોતી, ખરાબ છોકરાઓની સાથે રમવાની પણ કોઈ ગુંજાઈશ નહોતી. ત્યાંનું વાતાવરણ શ્રેષ્ઠ રહેતું હતું. એ શ્રેષ્ઠ વાતાવરણનો પ્રભાવ બાળકોના મન પર પડતો હતો. તેઓ જ્યારે મોટા થતા ત્યારે શ્રેષ્ઠ નાગરિક બનતા હતા. આજે પણ આ પ્રકારની શિક્ષણ પદ્ધતિ જરૂરી છે. આજે માબાપ પોતાનાં બાળકોને ખવડાવે છે, કપડા પહેરાવે છે, ફી તથા શિક્ષણ માટે બીજો જરૂરી ખર્ચ કરે છે, પણ છોકરું તેમની આંખો સામે જ હોવું જોઈએ એ જરૂરી નથી. એવું થઈ શકે કે તેઓ પોતાનાં સંતાનો માટે જે ખર્ચ કરે છે તે ગુરુકુળને આપી દે.

ત્યાં બાળકોના શિક્ષણની તથા ઉત્તમ દિનચર્યાની વ્યવસ્થા કરવામાં આવે. આજની શિક્ષણપદ્ધતિમાં આ પ્રકારની ક્રાંતિ કરવાની જરૂર છે.

ભાવિ પેઢીનું નિર્માણ કરવાને એક રાષ્ટ્રીય કર્તવ્ય માનીને બીજા ખર્ચાઓમાં કાપ મૂકવો જોઈએ. ભાવિ પેઢીઓનું નિર્માણ કરવા માટે આ ક્રમમાં થોડો વધારે ખર્ચો કરવો જરૂરી હોય તો પણ કરવો જોઈએ. વિશેષ ટેકસ નાખી શકાય કે બીજા ખર્ચાઓ પર કાપ મૂકી શકાય. આ નવી પેઢીના નિર્માણનો પ્રશ્ન છે, જીવન મરણનો પ્રશ્ન છે તથા મનુષ્યને શ્રેષ્ઠ બનાવવાનો પ્રશ્ન છે. માણસને શ્રેષ્ઠ બનાવવાનો અર્થ સમાજને શ્રેષ્ઠ બનાવવો, ભાવિ વ્યવસ્થાને શ્રેષ્ઠ બનાવવી અને રાષ્ટ્રને શ્રેષ્ઠ બનાવવું એવો થાય છે. આ માટે જો આપણે શિક્ષણ પાછળ વધારે ખર્ચ કરવો પડે અને ટેકસ પણ આપવો પડે તથા સરકારને એ માટે મોટી વ્યવસ્થા કરવી પડે તો પણ એ બધું કરવું અત્યંત જરૂરી છે.

શિક્ષણ અને વિદ્યાની ઉપયોગિતા તથા શિક્ષણના સ્વરૂપ વિશે દરેક વિચારશીલ મનુષ્યે ચિંતન કરવું જોઈએ. આપણા દેશની આ પ્રાથમિક અને ખૂબ મહત્વની જરૂરિયાતનું સમાધાન શોધી કાઢવું જોઈએ, જેનાથી આપણો દેશ સુશિક્ષિત બની શકે, સાક્ષર બની શકે, વિદ્યાવાન બની શકે, ગુણવાન બની શકે અને શિક્ષણની એવી ઉચ્ચ પદ્ધતિ આપણા દેશને મહાન બનાવી શકે, આણા ધર્મ, સંસ્કૃતિ તથા રાષ્ટ્રને મજબૂત બનાવી શકે અને વિશ્વશાંતિનો આધાર બની શકે.

આજની વાત સમાપ્ત. .. ૐ શાંતિ..